**નમૂનો' બી '**

(નિયમ–૩(૪) જુઓ)

**સોગંદનામા સાથે પ્રયોજક અથવા પ્રયોજક દ્વારા અધિકૃત કરવામાં આવેલ કોઈપણ વ્યક્તિની સહીથી ઘોષણાપત્ર જાહેર કરવામાં આવશે.**

**સોગંદનામા સહ ઘોષણાપત્ર**

શ્રી **કલ્પેશ પુનમચંદ પટેલ, આસ્થા ઓપલ** ના પ્રયોજકનું સોગંદનામા સહ ઘોષણાપત્ર :–

આથી, હું **કલ્પેશ પુનમચંદ પટેલ , આસ્થા ઓપલ** ના પ્રયોજક ગંભીરતાપૂર્વક જાહેર કરી, જવાબદારી સ્વીકારી નીચે મુજબ જણાવું છું કે,

(૧) અમો દ્વારા જે જમીનમાં **આસ્થા ઓપલ** યોજનાનો વિકાસ કરવાનો છે તેનો વિકાસ કરવાનો અમોને કાનૂની હકક છે.

**અને**

આવી જમીનનો માલિકી હકક દર્શાવતા કાયદેસર રીતે માન્ય પ્રમાણિકરણ સાથે તેના માલિક અને પ્રયોજક વચ્ચેના સ્થાવર મિલકત યોજનાના વિકાસ માટેના કરારની પ્રમાણિત નકલ આ સાથે જોડેલ છે.

(૨) સદર જમીન બધા જ પ્રકારના બોજાથી મુક્ત છે.

(૩) અમોએ આ યોજના તા–31/12/2018 સુધીના સમયગાળામાં પૂર્ણ કરવાની છે.

(૪) વેચાણ લેનાર પાસેથી સમયાંતરે સ્થાવર મિલકત યોજના માટે મળેલી રકમના ૭૦% રકમ અમો બાંધકામના ખર્ચને અને જમીનની કિંમતને પહોંચી વળવા માટે રાષ્ટ્રિયકૃત બેન્કમાં એક અલગ ખાતામાં જમા કરાવશું, અને તે હેતુ માટે જ ઉપયોગમાં લઈશું.

(૫) યોજનાના ખર્ચને પહોંચી વળવા માટે યોગ્ય પૂર્ણતાની ટકાવારીના પ્રમાણમાં જ આ અલગ ખાતામાંથી રકમ ઉપાડવામાં આવશે.

(૬) માન્ય સ્થપતિ, ઈજનેર અને ચાર્ટડ એકાઉન્ટન્ટ કે જે પ્રેકટીસ કરતા હોય, તેઓ પ્રમાણિત કરે તેપછી જ આ અલગ ખાતામાંથી રકમ ઉપાડવામાં આવશે અને આવો ઉપાડ યોજના પૂર્ણતાની ટકાવારીના પ્રમાણમાં હશે.

(૭) અમો, માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે દરેક નાણાંકીય વર્ષના અંત પછીના છ મહિનાની અંદર યોજનાના હિસાબો ઓડિટ કરાવી લઈશું, અને આવા માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટે પ્રમાણિત અને સહી કરેલ હિસાબો રજુ કરીશું, અને ઓડિટર દ્વારા ચોકકસ યોજના માટે મેળવેલી રકમ ખરેખર તે યોજના માટે ઉપયોગમાં લીધી છે, અને આવો ઉપાડ યોજના પૂર્ણતાની ટકાવારીના પ્રમાણને અનુરૂપ છે કે કેમ તેની ઓડિટ દરમ્યાન ચકાસણી કરવામાં આવશે.

(૮) અમો બધી બાકી પરવાનગી, સક્ષમ સત્તા પાસેથી સમયસર મેળવી લઈશું.

(૯) અમો દ્વારા આ અધિનિયમ હેઠળ કરાયેલા નિયમો અને વિનિયમોમાં ઠરાવવામાં આવેલ છે તેવા અન્ય દસ્તાવેજો રજૂ કરાયેલ છે.

**કલ્પેશ પુનમચંદ પટેલ**

**<u>એકરાર</u>**

અમારા ઉપર મુજબના સોગંદનામા અને ઘોષણાપત્રની વિગતો સત્ય અને સાચી છે અને તેમાં અમોએ કોઈપણ વિગતો છૂપાવી નથી.

તારીખ...............માહે.........વર્ષ........ના રોજ અમોએ એકરાર કરેલ છે.

**કલ્પેશ પુનમચંદ પટેલ**